# આજે ગુજરાતનો જન્મદિવસ જળ અભિયાનથી ઉજવાશે

## મુખ્યમંત્રી રૂપાણી સવારે નવ વાગે કોસમણી તળાવ ખાતે સુઝલામ સુફલામ યોજનાનો રાજ્ય વ્યાપી પ્રારંભ કરાવશે : રાજ્યમાં અનેક સંસ્થાઓ દ્વારા વૈવિધ્યપૂર્ણ ઉજવણીના કાર્યક્રમો

ગાંધીનગર, તા. ૩૦

ગુજરાત સ્થાપના દિવસની આવતીકાલે રાજ્યભરમાં પરંપરાગતરીતે ઉજવણી કરવામાં આવનાર છે. ગુજરાત ગૌરવ દિવસની ઉજવણી ભરુચ ખાતે કરવામાં આવનાર છે. રાજ્યભરમાં જુદા જુદા કાર્યક્રમો યોજાનાર છે પરંતુ મુખ્ય કાર્યક્રમ ભરુચમાં થશે. મુખ્યમંત્રી વિજય રૂપાણી વિવિધ કાર્યક્રમોમાં હાજરી આપશે. ગુજરાત ગૌરવ દિવસની ઉજવણી ભરૂચ ખાતે થઈ રહી છે. આ અવસરે તા. ૧લી મેના રોજ યોજાનારા વિવિધ કાર્યક્રમમાં મુખ્યમંત્રી વિજય રૂપાણી ઉપસ્થિત રહેશે. ૯.૦૦ વાગે કોસમડી તળાવ ખાતે સુજલામ સુફલામ યોજનાનો રાજ્ય વ્યાપી પ્રારંભ કરાવી, જાહેરસભાને સંબોધન કરશે. તેઓ ૧૧.૦૫ વાગે શુકલતીર્થ ખાતે સફાઈ અભિયાનનો પ્રારંભ કરાવી, જાહેરસભાને સંબોધન કરશે. તેઓ ૧૧.૦૫ વાગે શુકલતીર્થ ખાતે સફાઈ અભિયાનનો પ્રારંભ કરાવી, વૃક્ષારોપાણ કરશે. તેમજ યાત્રાધામ વિકાસ માટે ૪૦ કરોડના વિકાસકામોનું ભુમિપૂજન કરશે. મુખ્યમંત્રી ૧૨.૦૫ વાગે ભરૂચ હોસ્ટેલ ગ્રાઉન્ડ ખાતે ભરૂચની વિરાસત પ્રદર્શનની મુલાકાત લઈ, મુખ્યમંત્રી એપ્રેન્ટીસશીપ યોજનાના કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. મુખ્યમંત્રી સાંજના ૫ વાગે ઝાડેશ્વર ખાતે પોલીસ પરેડના ફલેગ ઓફ કાર્યક્રમમાં હાજરી આપી, સાંજે ૭ વાગે કૃષિ યુનિવર્સિટી મેદાન ખાતે યોજાનારા સાંસ્કૃતિક કાર્યક્રમમાં હાજરી આપશે. સ્થાપના દિવસના ભાગરુપે જુદા જુદા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી ચુક્યું છે. ગુજરાત અને મહારાષ્ટ્ર બંને સ્થાપના દિવસની એક સાથે ઉજવણી કરે છે. બંને રાજ્યો આજે સૌથી વિકસિત રાજ્યો પૈકીના એક તરીકે ઉભરી ચુક્યા છે. ગુજરાત સ્થાપના દિવસના પ્રસંગે તૈયારીરુપે છેલ્લા ઘણા દિવસથી કાર્યક્રમો યોજાઈ રહ્યા હતા.







## વકીલો કોર્ટ કાર્યવાહીથી અળગા રહયા

જામનગરના વકીલ કીરીટ જોષીની અસામાજિક તત્વોએ હત્યા કરી હોવાના આક્રોશ સાથે ગાંધીનગર ડિસ્ટ્રીકટ બાર એસોસિએશને આજે કોર્ટ કાર્યવાહીથી અળગા રહેવાનો ઠરાવ કર્યો હતો. જે અન્વયે વકીલોએ આ ઘટનાને સખત શબ્દોમાં વખોડી નાંખી વિરોધ વ્યકત કરવામાં આવ્યો છે. જયારે આ મામલે ઉગ્ર વિરોધની લાગણી સાથે આજે વકીલોએ કોર્ટ કાર્યવાહીથી અળગા રહયા હતા. ગાંધીનગર ડિસ્ટ્રીકટ બારના પ્રમુખ સલીમ મોદને આ અંગે જણાંવ્યુ હતુ કે આ બનાવ અનુસંધાને ડિસ્ટ્રીકટ બાર એસો દ્વારા આજે કોર્ટ કાર્યવાહીથી અળગા રહેવાનો ઠરાવ કરવામાં આવ્યો હતો જેનો ચુસ્તપણે વકીલોએ અમલ કર્યો હતો.

# શહેરના ગગનમાંથી અગનગોળા વરસ્યા

## ગરમીનો પારો ૪૩ ડિગ્રીએ પહોંચ્યો : સિઝનની રેકર્ડ બ્રેક ગરમીથી શહેરીજનો અંગ દઝાડતી ગરમીમાં શેકાયા : સતત વધતી ગરમીથી નગરજનો તોબા : જનજીવન પ્રભાવિત

ગાંધીનગર તા ૩૦

ગાંધીનગરમાં આજે ગરમી પ્રકોપે હદ વટાવી હતી. ગરમીનો પારો ૪૩ ડી ગ્રી એ પહોંચી જતા સિઝનની રેકર્ડ બ્રેક ગરમી નોંધાઈ હતી. દિવસે આકાશમાંથી અગનગોળા વરસતા અંગ દઝાડતી ગરમીએ નગરજનોને બેબાકળા બનાવી દીધા હતા. ગઈકાલે પણ ગરમીનો પારો ૪૨ ડી ગ્રીની પાર રહયો હતો. જયારે ૦.૫ ડી ગ્રીના વધારા સાથે આજે સિઝનની સૌથી વધુ ગરમીએ જનજીવનને પ્રભાવિત કર્યુ હતુ. આકરી ગરમીના લીધે નગરજનોએ પણ ઘરની બહાર ન નિકળવાનુ મનસાસિબ માનતા દિવસ દરમિયાન શહેરના શોપિંગ બજારોમાં પણ સન્નાટો જોવા મળ્યો હતો.

આંખોને ઠંડક આપતી હરિયાળી વચ્ચે નગરમાં આકરી ગરમીએ સૌ કોઈને બેબાકળા કરી દીધા છે. ગરમીનો પારો સતત ઉંચે ચઢતા છેલ્લા ચાર દિવસથી મહત્તમ તાપમાન ૪૦ ડી ગ્રીને પાર છે. ત્યારે ગઈકાલે પણ મહત્તમ

● અનુસંધાન પાન-૫ પર



### વાહકજન્ય રોગચાળાને નિયંત્રિત કરવા

# જિલ્લામાં હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ આરંભાયુ

## ૨૨૩૮ સ્થાનોએથી મચ્છરોના બ્રિડીંગ મળી આવ્યા

ગાંધીનગર, તા. ૩૦

વાહકજન્ય રોગચાળાને નિયંત્રીત કરવા માટે આજથી આ વર્ષના બીજા હાઉસ ટુ હાઉસ સર્વેલન્સમાં પ્રથમ દિવસે ૫૩૧ કેસ તાવના મળી આવ્યા છે. જેમના લોહીના નમુના મેળવી અને ચકાસણી માટે મોકલી આપવામાં આવેલ છે.

આજે પ્રથમ દિવસે જ ૨૨૩૮ સ્થાનો પરથી મચ્છરોના બ્રીડીંગ મળતાં તંત્ર દ્વારા તાબડતોબ એન્ટી લારવેલની કામગીરી કરવામાં આવી હતી અને બ્રિડીંગનો નાશ કરાયો હતો.

જિલ્લા મેલેરિયા તંત્રની વિગતો મુજબ સર્વેલન્સમાં ૭૪૯૭૦ મકાનોને આવરી લેવામાં આવ્યા છે. કેટલાક વિસ્તારોમાં છેલ્લા બે ત્રણ દિવસથી સર્વેલન્સની કામગીરી હાથ ધરી દેવામાં આવી હતી. જેના સારા પરિણામ મળ્યા છે. જિલ્લામાં હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ દરમ્યાન ૩,૧૧,૨૭૫ માણસોને આવરી લેવામાં આવ્યા છે. આ માટે જિલ્લામાં ૧૩૦૦ થી વધુ કર્મચારીઓ દ્વારા કામગીરીનો આરંભ કરી દેવામાં આવ્યો છે.

બીજા તબક્કાના આ સર્વેલન્સમાં પણ મળી આવેલા બ્રિડીંગને લઈ તંત્રએ કામગીરીને સઘન રીતે કરવાની સૂચનાઓ આપી છે. ૫મી મે સુધી આ સર્વેલન્સની કામગીરી ચાલશે. અગાઉ સર્વેલન્સ દરમ્યાન ૬ હજાર જેટલા સ્થાનોએથી મચ્છરોના બ્રિડીંગ મળી આવ્યા હતા જે ઉલ્લેખનીય છે. જિલ્લામાં છુટા છવાયા મેલેરિયાના કેસ મળ્યા હોવાનો એકરાર તંત્રના સૂત્રોએ કર્યો છે પરંતુ ગત વર્ષની તુલનામાં આ કેસોની સંખ્યા ઓછી છે.

# રાત્રીના રંગબેરંગી રોશનીથી ગાંધીનગરની સુંદરતા નિખરશે

## વિધાનસભા સંકુલમાં મહાનુભાવોની પ્રતિમાને વિશિષ્ટ પ્રકારનુ લાઇટીં કરાશે : શહેરમાં જાહેર સ્થળોએ પાઇન્ટ નિયત ઉપર સુંદરતા નિખારવા રોશની અને અવનવી લાઇટીંગ કરાશે

ગાંધીનગર તા ૩૦

ગાંધીનગર હરિયાળી વનરાજીના લીધે આગવી ઓળખ ધરાવે છે.જયારે સર્કલોની નગરી તરીકે ઓળખાતા શહેરમાં મહાત્મા મંદિર અને સ્વર્ણિમ પાર્ક અસ્તિત્વમાં આવ્યા બાદ નગરની ઓળખ બદલાઈ છે.ત્યારે શહેરની સુંદરતાને વધુ નિખારવા માટે તંત્ર દ્વારા નવતર આયોજન કરવામાં આવી રહયુ છે. શહેરમાં જાહેર સ્થળો પર કેટલાક પોઇન્ટ નકકી કરી બ્યુટીફિકેશનની કામગીરી હાથ ધરવા માટે કાર્યયોજના તૈયાર થઈ રહી છે. ટુંકમાં જ આ યોજના અન્વયે આગળની કાર્યવાહી હાથ ધરાશે.

ગાંધીનગરની સુંદરતા નિખારવા માટે શહેરમાં કેટલાક નિયત પોઇન્ટ પર બ્યુટીફીકેશન કરવા માટે તંત્ર દ્વારા આયોજન કરવામાં આવી રહયુ છે. વાઈબ્રન્ટ સમિટ વેળાએ શહેરમાં રોડ ફર્નિચર સહીત વિવિધ ઠેકાણે બ્યુટીફીકેશનની કામગીરી હાથ ધરવામાં આવે છે.ગાંધીનગરને દુલ્હનની જેમ શણગારવામાં આવે છે. નગરમાં હરિયાળી વનરાજીની સાથે રોડ નેટવર્કને અનુલક્ષીને પણ બ્યુટીફીકેશનની કામગીરી કરવામાં આવે છે.ગાંધીનગર સુવ્યવસ્થિત હોવાની સાથે હરિયાળા વૃક્ષોના લીધે પણ સુંદરતાની દ્રષ્ટીએ આગળની હરોળમાં છે. જયારે શહેરમાં બહારથી આવતા સહેલાણીઓ અને મુલાકાતીઓને પણ નગરની સુંદરતા વધુ આકર્ષિત કરે તેવા આશયથી ગાંધીનગરમાં બ્યટીફિકેશનની યોજનાને અનુલક્ષી નવતર આયોજન કરવાની દીશામાં ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે. જેમાં રાત્રિના સમયે નિયત કરેલા પોઇન્ટ પર રંગબેરંગી રોશની તેમજ અવનવી લાઈટીંગ કરી નગરની સુંદરતામાં વધારો કરવાની દીશામાં નવી કાર્યયોજના તૈયાર કરવામાં આવી રહી છે. શહેરમાં વાઈબ્રન્ટ સમિટ વેળાએ રાત્રિના સમયે રંગબેરંગી રોશની જગમગતી જોવા મળે છે. જયારે માર્ગની એકબાજુએ સ્થિત

● અનુસંધાન પાન-૫ પર

# કપાયેલા વિજ જોડાણની લેણી ભરપાઈ માટે માફીની યોજના

અમદાવાદ,તા.૩૦

રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણીના પ્રેરક અને ગતિશીલ નેતૃત્વ હેઠલ રાજ્ય સરકારે અનેક પ્રજાલક્ષી નિર્ણયો લીધા છે. રાજ્ય સરકારે વધુ એક પ્રજાલક્ષી નિર્ણય લઈ રાજ્યમાં કાયમી ધોરણે કપાયેલા વિવિધ કક્ષાના વીજજોડાણોવાળા ગ્રાહકોની બાકી લેણી રકમ ભરપાઈ કરવામાં રાહત આપતી માફી યોજના-૨૦૧૭ના અમલીકરણની જાહેરાત કરેલ છે.

● અનુસંધાન પાન-૫ પર

# બ્રહ્મસમાજ આયોજિત સમુહલગ્નમાં ૧૧ યુગલોએ પ્રભુતામાં પગલા પાડયા

## યજ્ઞોપવિત સમારોહમાં સમાજના સભ્યોએ પુષ્પવર્ષા કરી બટુકોને આર્શીવાદ પાઠવ્યા : રાત્રે રાસ ગરબાની રંગતમાં વરઘોડીયાએ પણ મજા માંણી

ગાંધીનગર તા ૩૦

ગાંધીનગર બ્રહ્મસમાજ આયોજિત સમુહ લગ્ન અને યજ્ઞોપવિતના આયોજન અન્વયે ૧૧ યુગલોએ પ્રભુતામાં પગલા પાડયા હતા. બ્રહ્મસમાજે પારિવારીક માહોલમાં લગ્નમહોત્સવનુ આયોજન કર્યુ હતુ. જેમાં સમાજના અગ્રણીઓ અને સભ્યો પણ ઉત્સાહભેર સહયોગ પુરો પાડયો હતો. સે-૧૬ માંથી જાનૈયાઓએ વરઘોડાનુ આયોજન કર્યુ હતુ જેમાં સમાજના સભ્યો મોટી સંખ્યામાં જોડાયા હતા. જયારે બ્રહ્મભોજનનો પણ લાભ લીધો હતો.

ગાંધીનગર બ્રહ્મસમાજ આયોજિત સમુહ લગ્ન તેમજ યજ્ઞોપવિતના કાર્યક્રમ દરમિયાન મોટી સંખ્યામાં ભુદેવોએ હાજરી આપી વરઘોડીયા તેમજ બટુકોને આર્શીવાદ આપ્યા હતા. સમાજ દ્વારા પ્રતિવર્ષ સમુહ લગ્ન તેમજ યજ્ઞોપવિતનો કાર્યક્રમ યોજવામાં આવે છે. જેમાં વર કન્યા માટે સઘળી સુવિધાઓ ઉભી કરવામાં આવે છે. ઘર જેવા પારિવારિક માહોલમાં આ પ્રસંગોની ઉજવણીમાં સમસ્ત બ્રહ્મસમાજ ઉત્સાહભેર જોડાય છે. ગઈકાલે સમુલલગ્ન અને જનોઈ અન્વયે સે-૧૬ સ્થિત બ્રહ્મભવન ખાતે રાસ ગરબાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં



● અનુસંધાન પાન-૫ પર


## ટચુકડી જાહેર ખબર

દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

## મોકાનો પ્લોટ વેચવાનો છે

૨૦૦ વારનો રોડ ટચ, અને રીંગરોડ નજીક વેચવાનો છે.
કેશવપાર્ક, વાવોલ
મો. ૯૬૮૭૮૪૫૬૮૬
મો. ૭૦૪૩૪૯૦૦૭૫


## બેસણું



મારા પતિ **શ્રી હસમુખભાઈ માધવલાલ પટેલ** (નિવૃત્ત-ગૌણ સેવા પસંદગી મંડળ, સચિવાલય)નું તા. ૨૯/૪/૨૦૧૮ને રવિવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૩/૫/૨૦૧૮ને ગુરૂવારના રોજ અમારા નિવાસસ્થાન ગાંધીનગર તથા રૂપાલ ખાતે નીચેના સમયે અને સ્થળે રાખેલ છે.

**ગાંધીનગર :** સવારે ૮-૦૦ થી ૧૦ કલાકે : પ્લોટ નં. ૧૩૭૩/૨, સેક્ટર-૨/બી, ગાંધીનગર

**રૂપાલ :** સાંજના ૪-૦૦ થી ૬-૦૦ કલાકે નિલકંઠ મહાદેવની વાડી, રૂપાલ ગામ

લિ.
**ભારતીબેન હસમુખભાઈ પટેલ**
**દિપ હસમુખભાઈ પટેલ**
**તથા ગોકળલાલ મણિલાલ પરિવાર (રૂપાલ)**

**નોંધ :** પિયર પક્ષનું બેસણું ગાંધીનગર ખાતેના ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે.

## ઋણસ્વીકાર



અમારા પરમ પૂજ્ય માતૃશ્રી, **સ્વ. લીલાવંતીબેન જીણાભાઇ કણસાગરા** ના નિધનની વસમી ઘડીએ અમોને રૂબરૂ, ફોન, પત્ર, ઈ-મેઈલ, અખબારોના માધ્યમથી અનુકંપા, હુંફ, સહકાર, લાગણી, દિલસોજી પાઠવનાર તમામ સગા-સંબંધીઓ, સ્નેહીઓ મિત્રો, ઉદ્યોગપતિઓ, ડોક્ટરમિત્રો, સામાજીક રાજકીય-સેવાકીય સંસ્થાઓના અગ્રણીઓ, નામી-અનામી **તમામનો જાહેર આભાર વ્યકત કરી આ તકે ઋણ સ્વીકાર કરીએ છીએ.**

**સ્વ. લીલાવંતીબેન જીણાભાઇ કણસાગરા** / સ્વ.તા.૧૯-૦૪-૨૦૧૮

આપના ઋણી

- ડો. જગદીશ જીણાભાઇ કણસાગરા
- ડો. પ્રદિપ જીણાભાઇ કણસાગરા
- મગનભાઇ જીણાભાઇ કણસાગરા
- ડો. પરિમલ જીણાભાઇ કણસાગરા
- રજનીભાઇ જીણાભાઇ કણસાગરા
- પ્રવિણભાઇ જીણાભાઇ કણસાગરા
- મહેશભાઇ જીણાભાઇ કણસાગરા
- માનવભાઇ મગનભાઇ કણસાગરા
- ડો. હેમલ જગદીશભાઇ કણસાગરા
- ડો. અંકિત જગદીશભાઇ કણસાગરા
- ડો. કાર્તિક પરિમલભાઇ કણસાગરા
- ડો. જય મહેશભાઇ કણસાગરા
- દર્શન પ્રદિપભાઇ કણસાગરા
- હર્ષ રજનીભાઇ કણસાગરા

તથા સમગ્ર કણસાગરા પરિવાર



## પ્રથમ વાર્ષિક પુણ્યતિથી એ શ્રધ્ધાંજલી

જીવન એવુ જીવ્યા કે, સઘળા તમને યાદ કરે.
કાર્ય એવા કર્યા કે સર્વે ના હૃદય માં ગુંજ્યા કરે,
ટુંકું જીવન છતાં હસતે ચહેરે અમોને રડાવી ગયા,
અણધારી વિદાય છતાં મન માનતું નથી કે તમો
અમારી વચ્ચે નથી. પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ
અર્પે, એ જ પ્રાર્થના....

**સ્વ. બિલકીશબેન (બિનાબેન) નાદીરભાઈ હિરાણી**
**સ્વર્ગવાસ તા. ૦૧/૦૫/૨૦૧૭**

લિ. નાદીરભાઈ એન.હિરાણી (પતિ)

- નિઝાર એન.હિરાણી (પુત્ર)
- રૂખસાના એન.હિરાણી (પુત્રવધૂ)
- સમીર એન.હિરાણી (પુત્ર)
- મીનાઝ એસ. હિરાણી (પુત્રવધૂ)
- ઝેડ.એન.હિરાણી (દીયર)
- મમતાબેન.ઝેડ.હિરાણી (દેરાણી)
- આઈ.એન.હિરાણી (દીયર)
- રૂબીનાબેન.આઈ.હિરાણી (દેરાણી)
- ફુલસમબેન.એસ.સાયાણી (નણંદ)
- એસ.એન.સાયાણી (નણદોઈ)
- નજમાબેન એન.હુદાણી (નણંદ)
- એન. એચ.હુદાણી (નણદોઈ)

આરવ, અંશ, આરિષ (પૌત્રો)
સમસ્ત હિરાણી પરિવાર તથા સ્નેહીજનો

સરનામું: ૯/૫૧ ,પરિમલ એપાર્ટમેન્ટ, સેકટર-૭/બી, ગાંધીનગર


ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality | KisaN | ashirvad | BENELAVE | DR. FIXIT | TATA STEEL • PIPES • SHEETS | ET TMT BARS Mazboot Bharat ki Pehchan

# જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in

# કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com